**Sandesh**

**Edition:** Vadodara | **Date:** 15th February, 2013 | **Page No.:** 02

# કુપોષણ અને કન્યા ભ્રૂણ હત્યા અટકાવવા માટે ઉદ્યોગો સહભાગીદાર બને : આનંદીબેન પટેલ

## વીસીસીઆઇના ૮મા વિશાળ ઔદ્યોગિક પ્રદર્શનનો શહેરી વિકાસ અને મહેસૂલ મંત્રી આનંદીબેન પટેલના હસ્તે શુભારંભ

## વડોદરામાં કાયમી ઔદ્યોગિક પ્રદર્શન કેન્દ્ર માટે વુડાએ ૫૬ હેક્ટર જમીન અનામત રાખી

(પ્રતિનિધિ દ્વારા) વડોદરા, તા.૧૪

૧૯૯૬થી વડોદરામાં કાયમી ઔદ્યોગિક પ્રદર્શન સેન્ટર ઊભું કરવાની વીસીસીઆઇ સહિતના સંગઠનોની માંગણીને સંતોષવામાં આવે તેવા નિર્દેશ આજે શહેરી વિકાસ અને મહેસૂલ મંત્રી આનંદીબેન પટેલે કરેલા પ્રવચનમાંથી મળ્યો હતો. આજે અત્રે નવલખી મેદાનમાં વીસીસીઆઇના ૮મા વિશાળ ઔદ્યોગિક પ્રદર્શનનો શુભારંભ કર્યા બાદ આનંદીબેન પટેલે જણાવ્યું હતું કે, વડોદરા અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટી દ્વારા ટાઉન પ્લાનિંગમાં કાયમી ઔદ્યોગિક પ્રદર્શન માટે ૫૬ હેક્ટર જમીન અનામત રાખવામાં આવી છે. આવતીકાલે ઉદ્યોગમંત્રી સૌરભ પટેલ અત્રે આવ્યા બાદ આ સેન્ટરના ડેવલપમેન્ટ માટે પીપીપી સહિતના મોડેલ અંગે જાહેરાત થાય તેનો સરકાર અમલ કરશે.

નવલખી મેદાનના ચિક્કાર ભરાયેલા ઓડિટોરિયમમાં ઉપસ્થિત ઉદ્યોગજગતના સુકાનીઓ, અધિકારીઓ, વિદ્યાર્થીઓને સંબોધતાં આનંદીબેન પટેલે જણાવ્યું હતું કે, રાજ્ય માનવ સંપદા સૂચકાંકમાં ૨ મુદ્દે પાછળ છે. જેમાં બાળકોમાં કુપોષણ અને કન્યા ભ્રૂણ હત્યાના મુદ્દે સરકારના પ્રયાસોમાં વીસીસીઆઇ સહિતના ઔદ્યોગિક સંગઠનો સહભાગીદાર બને તે જરૂરી છે. રાજ્યના ૨૫ ટકા બાળકો કુપોષિત છે, જે ચિંતાનો વિષય છે.

રાજ્ય સરકારે એક વર્ષમાં ઉદ્યોગોના સહયોગથી કૌશલ્ય તાલીમ તેમજ ૧.૩૦ લાખ યુવાનોને રોજગારી આપીને વિવેકાનંદ સાર્ધ શતાબ્દી વર્ષમાં યુવા સશક્તિકરણનો સંકલ્પ સાકાર કર્યો છે. મોટા ઉદ્યોગો માટે જરૂરી ઊર્જા ઉત્પાદન કરનારા પૂરક આનુષાંગિક એકમોને પ્રોત્સાહિત કરવામાં આવે છે. વિશ્વમાં કેનાલ ઉપર સૌર પેનલ દ્વારા એક મેગાવોટ વીજળી ઉત્પન્ન કરવાનો પ્રથમ પ્રયોગ તથા કેનાલના પાણીનું ૨૦ ટકા બાષ્પીભવન અટકાવવા માટેના પગલાંની પણ તેમણે માહિતી આપી હતી.

પ્રદર્શનના પ્રારંભમાં પ્રદર્શન સમિતિના અધ્યક્ષ નિલેશ શુકલે ૧૯૯૬થી વડોદરામાં કાયમી ઔદ્યોગિક પ્રદર્શન કેન્દ્રની માંગણી રજૂ કરી હતી. વીસીસીઆઇના આ મહા પ્રદર્શનને તેમણે લઘુ- મધ્યમ એકમોનો કુંભ મેળો તરીકે વર્ણવ્યો હતો. આ કાર્યક્રમમાં ટોચના ત્રણ મેનેજમેન્ટ ગુરૂ અને જાણીતી હસ્તીઓ અરિંદમ ચૌધરી, ચેતન ભગત અને શિવ ખેરાના કાર્યક્રમની પણ માહિતી આપી હતી. ૫ દિવસના કાર્યક્રમમાં પ્લેસમેન્ટ ફેર રાખવામાં આવ્યો છે. ૮૦૦૦ની જરૂરિયાત સામે ૧૪ લાખ ઉપરાંતની હીટ પોર્ટલ ઉપર જોવા મળી હોવાનું પણ તેમણે ઉમેર્યું હતું.

અગાઉ રામરત્ના ગૃપના એમ.ડી. ત્રિભોવનદાસ કાબરાએ પણ વડોદરામાં કાયમી ઔદ્યોગિક પ્રદર્શન કેન્દ્રની માંગણીને ઉદ્યોગ જગત વતી ટેકો આપ્યો હતો.

જ્યારે કોન્મેટ લિમિટેડના પ્રેમરાજ કશ્યપે વીસીસીઆઇના યોગદાન વડે તેઓ મલ્ટિનેશનલ કંપની સાથે સંયુક્ત સાહસ કરી ચૂક્યા હોવાનું જણાવ્યું હતું. વીસીસીઆઇના પ્રેસિડેન્ટ અવી સભાવાલાએ જણાવ્યું હતું કે, ઔદ્યોગિક મહા પ્રદર્શન ગુજરાતમાં વીસીસીઆઇની ઓળખ બની ચૂક્યું છે. લઘુ અને મધ્યમ ઉદ્યોગોના વિકાસના વિઝન, કમિટમેન્ટ, કોઓર્ડિનેશન, ઇન્વોલ્વમેન્ટ, ઇન્ક્લુઝિવનેશ અને ઇનોવેશનનો સમન્વય થયો છે.

આ કાર્યક્રમમાં મેયર ડો.જ્યોતિ પંડ્યા, સાંસદ બાલકૃષ્ણ શુકલ, ધારાસભ્યો સર્વશ્રી જીતેન્દ્ર સુખડીયા, મનીષા વકીલ, યોગેશ પટેલ, રાજેન્દ્ર ત્રિવેદી, રાજવી સમરજીતસિંહ ગાયકવાડ, પી.એફ.કમિશનર ડો. વેદ પ્રકાશ, એસ.બી.આઇ.ના ડીજીએમ અશ્વિન મહેતા, ડે.મેયર હરજીવન પરબડિયા, કલેક્ટર વિનોદ રાવ, ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સના ચેરમેન પ્રકાશ ભગવતી, માજી મંત્રી ભૂપેન્દ્ર લાખાવાલા, સ્થાયી ચેરમેન ડો. વિજય શાહ, મ્યુનિ. વિરોધપક્ષના નેતા ચંદ્રકાંત ભથ્થુ, કેમરોક ઇન્ડસ્ટ્રીઝના સીએમડી કલ્પેશ પટેલ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.